ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર શહેર વાઈ-ફાઈ સુવિધાથી સજ્જ થયું**

# આજે પંચાયતની ૯૭૭ બેઠકોની મતગણતરી

**૧૭૦ સરપંચો અને ૭૦૭ વોર્ડના સભ્યોના ભાવીનો ફેંસલો : સવારે નવ વાગ્યે ચારેય તાલુકા મથકો પર મતગણતરી જિલ્લામાં મોડી સાંજ સુધીમાં તમામ પરિણામ જાહેર થઈ જશે : ૭૦૦થી વધુ કર્મચારીઓ મતગણના કરશે**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લાના ૧૭૬ પંચાયતના ૯૭૭ બેઠકો પરના ૨૩૧૨ જેટલા ઉમેદવારોના ભાવિનો ફેંસલો આજે થશે. ૧૭૦ સરપંચો અને ૭૦૭ વોર્ડની મતગણતરી જિલ્લાના ચારેય તાલુકા મથકો પર સવારે નવ વાગ્યે શરૂ થશે.

જિલ્લા તંત્રના સૂત્રોના જણાવ્યા અનુસાર ૭૦૦થી વધુ કર્મચારીઓ મતગણનાની કામગીરી કરશે. મોડી સાંજ સુધીમાં તમામ પરિણામ જાહેર થઈ જશે. મતગણતરી માટે કર્મચારીઓને પુરતી તાલિમ આપવામાં આવી છે.

સવા નવ વાગ્યે તાલુકા મથકો પર મતગણતરીની કામગીરી ચાલુ થશે. આ માટેની સંપૂર્ણ તૈયારી કરી દેવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

ગઈકાલે યોજાયેલા મતદાનમાં જિલ્લામાં ૭૯.૮૬ ટકા મતદાન નોંધાયું છે. જેમાં કલોલ તાલુકામાં ૮૩.૩૦ ટકા, માણસા તાલુકામાં ૭૯.૨૦ટકા, ગાંધીનગર તાલુકામાં ૭૬.૬૦ ટકા અને દહેગામ તાલુકામાં ૮૪.૩૦ ટકા મતદાન નોંધાયું છે.

જિલ્લામાં નોંધાયેલ મતદારો ૪,૩૭,૨૩૭ પૈકી ૩,૪૯,૧૮૯ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જેમાં પુરુષ મતદારોએ ૮૦.૭૪ ટકા અને ૭૮.૯૨ ટકા મહિલા મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જિલ્લામાં સરેરાશ ૭૯.૮૬ ટકા મતદાન નોંધાયું હતું.

જિલ્લામા મતગણતરી મથક પર ચાંપતો પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

આ ચૂંટણીમાં થયેલા ભારે મતદાન પછી મતગણતરી અને પરિણામને લઈ શરતોની બોલીઓ બોલનારાઓ પણ મેદાનમાં આવ્યા છે. બીજી તકર બંને રાજકીય પક્ષો તેમના સમર્થનમાં વધુમાં વધુ પંચાયતો આવશે તેવો દાવો કરી રહ્યા છે.

# મેદરામાં ૧૦૦ ટકા મહિલા મતદારોએ મતદાન કર્યું

**રાંધેજા અને છાલામાં રાત્રિના ૮ વાગ્યા સુધી મતદાન ચાલ્યુ : લવારપુર અને ઘારીસણામાં સૌથી ઓછું મતદાન તો મોતીપુરા-સાદરા અને પસણિયામાં ૯૫ ટકાથી વધુ મતદાન : અંશતઃ સમરસ પાલડી રાઠોડમાં ૧૦૦ ટકા મતદાન**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લામાં ગઈ કાલે યોજાયેલ ગ્રામ પંચાયતોની ચૂંટણીના મતદાનની વિગતો જાહેર થઈ ગઈ છે. જિલ્લામાં રાંધેજા અને છાલામાં રાત્રિના ૮ વાગ્યા સુધી મતદાનની પ્રક્રિયા ચાલી હોવાનું પણ બહાર આવ્યું છે.

સાંજે પાંચ વાગે મતદાન મથકની હદમાં આવી ગયેલાઓને ટોકન આપી મતદાન કરવાની મંજૂરી આપવામાં આવી હતી. રાંધેજા અને છારામાં મતદાનની પ્રક્રિયા ૮ વાગ્યા સુધી ચાલી હતી. આ ઉપરાંત ચિલોડા, રાયપુરમાં પણ મોડે સુધી મતદાનની પ્રક્રિયા ચાલુ રહી હોવાના અહેવાલો છે.

મતદાનના આંકડાઓ જોઈ પંચાયતની ચૂંટણીના વિશ્લેષકોના માનવા પ્રમાણે ૨૫થી વધુ પંચાયતોમાં તીવ્ર રસાકસીનો માહોલ જોવા મળશે. જેમાં જિલ્લાની પૂર્વ પટ્ટીના ગામોમાં વધુ તીવ્ર સ્પર્ધા જોવા મળશે.

જિલ્લાના મોતીપુરા-સાદરા ગામમાં ૯૫.૮૫ ટકા મતદાન, દહેગામના પસણિયા ગામમાં ૯૫.૬૨ ટકા તો કલોલ તાલુકાના નવા ગામમાં ૯૫.૫૦ ટકા મતદાન નોંધાયું છે.

અંશતઃ સમરસ થયેલ માણસા તાલુકાના પાલડી રાઠોડ ગામે ૧૦૦ ટકા મતદાન નોંધાયું છે. અહિં માત્ર એક વોર્ડમાં ૫૯ મતદારો નોંધાયેલા હતા અને તમામે તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

ગાંધીનગર તાલુકાના મેદરા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં નોંધાયેલ તમામ મહિલા મતદારોએ મતદાન કર્યું હતું. જે એક વિક્રમ છે. ૧૦૦ ટકા મહિલા મતદારોએ મતદાન કરી આ વિક્રમ નોંધાવ્યો છે.

જિલ્લામાં ૭૯.૯૦ ટકા મતદાન નોંધાયું છે. જેમાં ૮૦ટકા પુરુષો અને ૭૮.૯૦ટકા મહિલાઓએ મતદાન કર્યું છે. દહેગામ અને કલોલ તાલુકામાં મહિલાઓએ ૮૨ ટકા કરતાં વધુ મતદાન કર્યું છે તો ગાંધીનગર અને માણસામાં ૭૬ ટકા કરતાં વધુ મહિલા મતદારોએ મતદાન કર્યું છે.

# ગાંધીનગર શહેર વાઈ-ફાઈ સુવિધાથી સજ્જ થયું

**આવતીકાલે મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ : ૧ લાખ ૨૨ હજાર યુઝર્સ, ૭૫૦ જેટલા એક્સેસ પોઈન્ટ સાથે સીટી વાઈફાઈ બનશે : અમલીકરણમાં ૮ મહિનાનો વિલંબ**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેર ૩૦મી ડિસેમ્બરથી પ્રથમ વાઈ-ફાઈ સીટી બનશે. તત્કાલિન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પંચાયતોની ચૂંટણી ટાણે માર્ચ-૧૬ સુધીમાં શહેર વાઈ-ફાઈ સીટી બનશે તેવી જાહેરાત કરી હતી. હવે તે ૮ મહિનાથી પણ વધુ વિલંબ બાદ વાઈ-ફાઈ સીટી બનશે.

૩૦મીએ સાંજે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જીએમઈઆરએલના હોલમાં આ વાઈ-ફાઈ સીટીનું લોકાર્પણ કરશે. રૂ. ૨૨ કરોડના ખર્ચે આ સુવિધા શહેરને ઉપલબ્ધ બનશે.

મનવા દ્વારા વાઈ-ફાઈ સીટીના લોકાર્પણ કાર્યક્રમને લઈ તડામાર તૈયારીઓ ચાલુ કરી દેવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# વાઈબ્રન્ટના ગ્લોબલ ટ્રેડ-શોમાં ૧૫ લાખ મુલાકાતીઓ ભાગ લેશે

**એક્ઝિબીશન સેન્ટરના ૧૩ ડોમ્સમાં એ સી પ્લાન્ટ ફીટ કરાશે : લાઈટ સાઉન્ડ અને એલ ઈ ડી નુ પણ કામ શરૂ કરાયુ : ૧૫ મેગા વોટ વિજપ્રવાહ વધારવા ટોરેન્ટને દરખાસ્ત**

ગાંધીનગર તા ૨૮

આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ નગરમાં અનેકવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટનો ગ્લોબલ ટ્રેડ શો સે-૧૭ સ્થિત એક્ઝિબીશન સેન્ટરમાં યોજવામાં આવશે. આ ઠેકાણે પણ સેન્ટરના તમામ ડોમ્સમાં એ સી પ્લાન્ટ લગાવામાં આવી રહયા છે. વાઈબ્રન્ટ દરમિયાન અંદાજિત ૧૫ લાખ મુલાકાતીઓ આવે તેવી સંભાવના છે. એક્ઝિબીશન સેન્ટરના ઈલેક્ટ્રીફિકેશનની કામગીરી પાછળ અંદાજિત રૂ ૭ કરોડનો ખર્ચ થશે.

વાઈબ્રન્ટ સમિટ - ૨૦૧૭ને અનુલક્ષી શહેરમાં તડામારા તૈયારીઓ ચાલી રહી છે. નગરના રસ્તાઓ થી લઈ વોક વે તેમજ સેન્ટ્રલ વર્જને પણ શણગારવામાં આવી રહયા છે. નગરમાં માર્ગ સુધારણા તેમજ બ્યુટિફિકેશનની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. જયારે સે-૧૭ સ્થિત એક્ઝિબીશન સેન્ટરમાં પણ વિવિધ કામો હાથ ધરાયા છે. એક્ઝિબીશન સેન્ટરને અપગ્રેડ કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. એક્ઝિબીશન સેન્ટર પાછળ અંદાજિત રૂ ૧૧ કરોડથી વધુ ખર્ચ થાય તેવી સંભાવના છે. જેમાં સેન્ટરની સફાઈ તેમજ લાઈટીંગ અને સુશોભન

● અનુસંધાન પાન-૭ પર

વાયબ્રન્ટનો ઝળહળાટ - વાયબ્રન્ટ સમિટના પગલે શહેર સોળેકળાએ ખીલી રહ્યું છે... માર્ગો, વૃક્ષો, મકાનો, સાઈન બોર્ડ બાદ હવે મુખ્ય માર્ગોની સ્ટ્રીટ લાઈટને એલઈડી લાઈટ લગાવાઈ રહી છે... મુખ્ય માર્ગો એલઈડી લાઈટના પ્રકાશથી ઝળહળી ઉઠશે...


## પ્રથમ વાર્ષિક હાર્દિક શ્રદ્ધાંજલિ

**સ્વ. દશરથસિંહ બળદેવસિંહ વાઘેલા**

સ્વ.તા. ૨૯/૧૨/૨૦૧૫

ગામ : બિલોદરા, તા. માણસા, જી. ગાંધીનગર

મન માનતુ નથી કે આપ અમારી વચ્ચે નથી, આપની ઉદારતા, સરળતા અને મીલનસાર સ્વભાવથી પરિવારજનોના હૃદય જીતી લીધેલા. આપ શ્રીજી ચરણમાં જઈ બિરાજ્યાં તેમ છતાં સ્મૃતિપટમાં સદાય રહેશો તેવી વાર્ષિક ભાવભીની શ્રદ્ધાંજલિ સાથે પ્રભુ શ્રીનાથજીબાવા પવિત્ર આત્માને ચિર શાંતિ અર્પે તેવી હૃદયપૂર્વકની પ્રાર્થના સહ...

લિ.

શ્રી બળદેવસિંહ સી. વાઘેલા
શ્રી વિક્રમસિંહ બી. વાઘેલા (એ.એસ.આઈ. નારણપુરા પો.સ્ટે.)
શ્રી કરણસિંહ બી. વાઘેલા (મેમ્બર - બી.સી.જી.) એડવોકેટ
શ્રી મુકુન્દસિંહ બી. વાઘેલા (દિશા એન્ટરપ્રાઈઝ)
શ્રી જયદિપસિંહ વી. વાઘેલા એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ

અમૃતબા બળવંતસિંહ ચાવડા
પ્રભાતબા વિક્રમસિંહ ચાવડા
કિષ્ણાબા પૃથ્વીસિંહ ચાવડા
વાઘેલા રંજનબા વિક્રમસિંહ
વાઘેલા સોનલબા કરણસિંહ
વાઘેલા સોનલબા મુકુન્દસિંહ
વાઘેલા સોનલબા જયદિપસિંહ
એકતાબા, કિર્તીરાજસિંહ, દિશાબા, રૂષીરાજસિંહ, બ્રિન્દ્રા, પ્રણયસિંહ

ભજન સંધ્યા સાંજે ૮-૦૦ કલાકે ભવાની માતાજી ચોક, બિલોદરા

(૧) ગોપાલભાઈ બારોટ - સાહિત્યકાર
(૨) ભાવનાબેન પંચાલ - કોકીલકંઠી
(૩) ઘનશ્યામભાઈ ગઢવી - હાસ્યકાર
(૪) બાબુભા ચૌહાણ - ભજનીક


# પ્રધાનમંત્રીના રૂટમાં રોશનીનો ઝગમગાટ

ગાંધીનગર તા ૨૮

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરને પણ વાઈબ્રન્ટ લુક આપવાનુ કામ યુધ્ધના ધોરણે કામ ચાલી રહયુ છે. જયારે વાઈબ્રન્ટ દરમિયાન પ્રધાનમંત્રી સહીત દેશ વિદેશના મહાનુભાવો નગરના મહેમાન બનવાના છે. જેને અનુલક્ષી નગરને દુલ્હનની જેમ શણગારવામાં આવી રહયુ છે. પ્રધાનમંત્રી જે રૂટમાંથી પસાર થવાના છે. તે માર્ગ પર ઈન્દ્રોડા સર્કલથી વૈષ્ણવદેવી સર્કલ સુધીના માર્ગ પર મીની હાઈમાસ્ક લાઈટો લગાવાશે. સલામતીના ભાગરૂપે આ પ્રકારની લાઈટ મકવામાં આવશે.

વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ શહેરમાં નતનવા કામો હાથ ધરવામાં આવ્યા છે. નગરને સુશોભિત કરવાના કામો હાથ ધરાયા છે. આ ઉપરાંત વાઈબ્રન્ટના એક્ઝિબીશન સેન્ટર તેમજ મહાત્મા મંદિરમાં પણ મહાનુભાવોના આગમનને ધ્યાને લઈ તંત્ર તડામારા તૈયારીમાં વ્યસ્ત છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહીત વિદેશના ડેલીગેટસ પણ મોટી સંખ્યામાં હાજરી આપશે. મહાનુભાવોને ધ્યાને લઈ સુશોભનની સાથે સલામતીના મુદ્દે પણ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે. ત્યારે પી એમ ના રૂટમાં બ્યુટિફિકેશન ઉપરાંત સુરક્ષાના પહેલુઓ પણ મજબુત કરવા માટે તંત્રએ તૈયારીઓ હાથ ધરી છે. પ્રધાનમંત્રીના રૂટમાં ૪૦૦

● અનુસંધાન પાન-૭ પર

**ઇન્દ્રોડાથી વૈષ્ણવદેવી સર્કલ સુધીના માર્ગો પર સેન્ટ્રલ વર્જ તેમજ વૃક્ષોમાં લાઇટો મુકાશે : સુરક્ષાના પરિબળોને ધ્યાને લઇ ૪૦૦ જેટલા ઠેકાણે લાઇટ મુકાશે**


## જોઈએ છે ગૃહપતિ-૧

મૈત્રી ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત સરકાર માન્ય અનુ.જાતિની ગ્રાન્ટેડ કુમાર છાત્રાલય, વાવોલ માટે અનુ.જાતિના ઉમેદવાર-૧ની નિમણુંક કરવાની છે. જેનું **ઓપન ઈન્ટરવ્યુ તા. ૮/૧/૨૦૧૭ને રવિવારે સવારે ૧૧ થી ૩ વાગ્યા સુધી**માં નીચેના સરનામે અરજી તથા અસલ પ્રમાણપત્રો સાથે સ્વખર્ચે હાજર રહેવું. શૈક્ષણિક લાયકાત : ધોરણ-૧૨ પાસ / સ્નાતક / અનુભવીને પ્રથમ પસંદગી કરવામાં આવશે.

ઈન્ટરવ્યુ સ્થળ : મૈત્રી કુમાર છાત્રાલય, વાવોલ બી/૫, ભૂમિપાર્ક સોસાયટી, વાવોલ, તા.જી. ગાંધીનગર

લિ.
કમલેશ ફતાજી ઠાકોર
પ્રમુખ,
મૈત્રી ચેરિટબલ ટ્રસ્ટ, અમદાવાદ
મો. નં. ૯૯૭૯૧ ૯૬૨૨૮

## ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમબીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

## ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

## શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ

નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર

આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ

દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય

સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે. ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.

એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

www.capitaloffset.in

## કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com